અપીલ અરજી નં.૨૭૨ તા.૨૯–૧૨–૦૮

અરજદારઃ શ્રી રમેશચંદ્ર એમ. લુથરા
સામાવાળાઃ ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ,(અઠવા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશચંદ્ર એમ. લુથરાની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી લુથરા પબ્લીક ટ્રસ્ટ તરફથી અઠવા ઝોનની કચેરીએ તા.૧૧–૩–૦૮ ના રોજ પત્ર ક્રમાંક **wslPt/Tempel/2008-001** ઈનવર્ડ કરી ગેરકાયદેસર બાંધકામ અને દબાણ પ્રવૃતિ અંગે માહિતી આપવામાં આવેલ હતી તે અંગે અઠવાઝોનની કચેરી તરફથી કયા કાયદેસરના અસરકારક પગલા ભરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૯–૧૨–'૦૮ ની અપીલ અરજી નં.૨૭૨/૨૦૦૮–૦૯

શ્રી રમેશચંદ્ર એમ. લુથરાની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી લુથરા પબ્લીક ટ્રસ્ટ તરફથી અઠવાઝોનની કચેરીએ તા.૧૧–૩–૦૮ ના રોજ પત્ર ક્રમાંક **wslPt/Tempel/2008-001** ઈનવર્ડ કરી ગેરકાયદેસર બાંધકામ અને દબાણ પ્રવૃતિ અંગે માહિતી આપવામાં આવેલ હતી તે અંગે કચેરી તરફથી કયા કાયદેસરના અસરકારક પગલા ભરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે પ્રતિભાવ નહીં મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૯–૧૨–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૦ તા.૨૦–૧–૦૯ થી ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી ,(અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને વિશેષ કોઈ માહિતી મળેલ નથી કે તેના ઈન્કાર અંગે કોઈ અપવાદ રજુ કરેલ નથી.

અરજદારની મુળ અરજીમાં લુથરા પબ્લીક ટ્રસ્ટ તરફથી અઠવાઝોનની કચેરીએ તા.૧૧–૩–૦૮ ના રોજ પત્ર ક્રમાંક **wslPt/Tempel/2008-001** ઈનવર્ડ કરી ગેરકાયદેસર બાંધકામ અને દબાણ પ્રવૃતિ અંગે માહિતી આપવામાં આવેલ હતી તે અંગે કચેરી તરફથી કયા કાયદેસરના અસરકારક પગલા ભરવામાં આવેલ છે તેની માહિતી આપવા જણાવેલ. જાહેર માહિતી અધિકારી તરફથી અપીલના તબકકે પૂરક વિગતો મંગાવવા છતાં આ બાબતે તેમણે કોઈ કાર્યવાહી હાથ ધર્યાની વિગતો કે નહીં હાથ ધરવાના કારણો જણાવેલ નથી. તેટલું જ નહીં પરંતુ માહિતી આપવાની નિયત સમય અવધિ દિન–૩૦ માં પૂર્ણ થયા બાદ પણ અને અપીલના તબકકે પણ માહિતી આપવા કોઈ કાર્યવાહી હાથ ધરાયાનું જણાયેલ નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા.૨૪–૧૧–૦૮ ની અરજી બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશનર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ડે.કમિશનર (સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશચંદ્ર એમ. લુથરા,